विरोध पक्षना नेता,
ગુજરાત વિધાનસભા, ગાંધીનગર, ગુજરાત રાજ્ય, ભારત.

सत्यमेव जयते

શક્તિસિંહ ગોહિલ

ફોન: ૦૭૯-૨૩૨ ૨૦૯૯૫, ૨૩૨ ૫૩૦૬૯/૭૦, ફેક્સ: ૨૩૨ ૨૨૫૮૨

તારીખ : - -૨૦૦

પ્રતિ,

**શ્રી નરેન્દ્રભાઇ મોદી**

માન.મુખ્યમંત્રીશ્રી,

ગુજરાત સરકાર,

**ગાંધીનગર.**

**વિષયઃ લોકાયુક્તની નિમણૂંકમાં આપશ્રી દ્વારા અનઅધિકૃત હસ્તક્ષેપ બાબત..**

**સ્નેહીશ્રી,**

ઉપરોક્ત વિષય બાબત સવિનય જણાવવાનું કે, ગુજરાતમાં લોકાયુકતનો કાયદો હોવા છતાં લોકાયુક્તની જગ્યા તા.૨૪.૧૧.૨૦૦૩થી એટલે કે લગભગ સાડા સાત વર્ષથી ખાલી છે. આ મહત્વની જગ્યા આટલા લાંબા સમય સુધી એટલે કે, મહદઅંશે આપશ્રી મુખ્યમંત્રી બન્યા ત્યારથી સદંતર ગેરકાનૂની રીતે ભરવા દેવામાં આવતી નથી.

લોકાયુક્તશ્રીની નિમણૂંક ગુજરાત લોકાયુક્તના કાયદાની કલમ-૩ મુજબ માનનીય રાજ્યપાલશ્રીએ ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધિશશ્રી તથા વિરોધપક્ષના નેતા સાથે પરામર્શ કરીને કરવાની હોય છે. માન.રાજ્યપાલશ્રીએ માન.મુખ્ય ન્યાયાધિશશ્રી, ગુજરાત હાઇકોર્ટ તરફથી નામ મંગાવતાં માન. મુખ્ય ન્યાયમૂર્તિએ લોકાયુકત માટે જસ્ટીસશ્રી આર.એ.મહેતા સાહેબનું નામ મોકલાવેલ જે નામ અંગે મારા સાથે પરામર્શ થતાં મેં આ નામ અંગે સંમતિ આપેલ છે. આ કાર્યવાહી બાદ જસ્ટીસ શ્રી. આર.એ.મહેતા સાહેબની લોકાયુક્તશ્રી તરીકેની નિમણૂંકનું નોટીફિકેશન( જાહેરનામું) માત્ર રાજ્ય સરકારે બહાર પાડવાનું હોય છે અને તે માટે સરકારશ્રીને ઘણા મહિનાઓ પહેલાં ફાઇલ મોકલવામાં આવેલ છે. કાયદાની સમગ્ર જોગવાઇમાં મુખ્યમંત્રીશ્રી કે સરકારની લોકાયુકતનું નામ નકકી કરવામાં કોઇ જ ભૂમિકા નથી. કાયદો ઘડનારાએ ખૂબજ બુધ્ધિપૂર્વક આ જોગવાઇ કરી છે. કારણ કે, લોકાયુક્તશ્રીએ મુખ્યમંત્રીશ્રી અને મંત્રીમંડળના સભ્યો સામેના ભ્રષ્ટાચારની તપાસ કરવાની હોય છે. લોકાયુક્ત તરીકે માન્ય મુખ્ય ન્યાયાધિશશ્રીએ નામદાર ગુજરાત હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયાધિશશ્રીનું નામ સૂચવેલું છે. એક તટસ્થ રીતે સૂચવાયેલાં નામ.હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયાધિશશ્રીનું લોકાયુક્ત તરીકેની નિમણૂંક આપ શા માટે થવા દેતા નથી? આપ તો એવો

વિરોધ પક્ષના નેતા,
ગુજરાત વિધાનસભા, ગાંધીનગર, ગુજરાત રાજ્ય, ભારત.
ફોન : ૦૭૯-૨૩૨ ૨૦૯૯૫, ૨૩૨ ૫૩૦૬૯/૭૦, ફેક્સ : ૨૩૨ ૨૨૫૮૨

सत्यमेव जयते

શક્તિસિંહ ગોહિલ

તારીખ : - -૨૦૦

દાવો કરો છો કે ખાતો નથી અને ખાવા દેતો નથી તો પછી લોકાયુક્ત કેમ મૂકવા દેતા નથી.? આપશ્રીને અગાઉ પણ મેં જણાવ્યું હતું કે, મુખ્ય ન્યાયાધિશશ્રીએ મોકલેલાં નામ અંગેનો પરામર્શ માનનીય રાજ્યપાલશ્રી કરીને મોકલે અને રાજ્યપાલશ્રી જ લોકાયુક્ત માટેની પ્રક્રિયા કાયદાની જોગવાઇ મુજબ કરી શકે છે. આપશ્રીને લોકાયુકતના નામ અગે કાયદાથી પરામર્શ કે પકિયામા' ભાગ લેવાનો કોઇ જ અધીકાર નથી. આમ છતા' આપશ્રીને ભમણા છે કે આપે પરામર્શ કરવાનો છે, તો માનનીય મુખ્ય ન્યાયાધિશશ્રીએ મોકલેલાં માનનીય જસ્ટીસશ્રી આર.એ.મહેતા સાહેબના નામ માટે મારી સંમતિ છે અને મારા આ પત્રને પરામર્શ થયેલો ગણી લેવો.

આપનો પક્ષ કેન્દ્રમાં વર્ષો સુધી સત્તામાં રહ્યો પરંતુ લોકપાલનું બિલ સંસદમાં લાવેલ નહીં અને હવે જયારે કોંગ્રેસની આગેવાનીવાળી યુ.પી.એ. સરકાર લોકપાલનું બિલ લઇને આવી છે ત્યારે રાષ્ટ્રીય કક્ષાએ આપના પક્ષના નેતાઓ લોકપાલ માટે કાગારોળ કરે છે. તો પછી આપની ગુજરાતમાં બેવડી નીતિ કેમ? ગુજરાતમાં તો કાયદો અસ્તિત્વમાં છે અને કાયદાની પ્રક્રિયા મુજબ લોકાયુક્તનું નામ મુખ્ય ન્યાયાધિશશ્રીએ સૂચવી દિધેલ છે અને તેને માનનીય રાજયપાલશ્રીએ મહોર પણ મારી છે. આપશ્રીને મારે એ પણ યાદ અપાવવું છે કે, આપના કેન્દ્ર સરકારના સમયમાં ગુજરાતમાં નિયુક્ત થયેલાં જે તે વખતનાં માનનીય રાજ્યપાલશ્રી સુંદરસિંહજી ભંડારીનો તા.૧૭.૪.૨૦૦૦નો **DO No CLSXXIV/CO4 58/2000** છે. તે આપ જોશો તો તેમાં પણ આપના જ પક્ષના પૂર્વ નેતાશ્રી કે જેઓ ગુજરાતમાં રાજ્યપાલશ્રી હતાં ત્યારે તેઓએ પણ સ્પષ્ટ જણાવેલું હતું કે, લોકાયુક્તનું નામ નકકી કરવામાં ચીફ જસ્ટીસ ઓફ ગુજરાત હાઇકોર્ટ એજ સક્ષમ છે અને તેઓ લોકાયુક્તનું જે નામ સૂચવે તેજ વ્યાજબી ગણાય.

આપની સરકારે ગુજરાત હાઇકોર્ટમાં જયારે જાહેર હિતની અરજી થઇ ત્યારે એવું સોગંદનામું રજૂ કર્યુ હતું કે લોકાયુક્તની નિમણૂંક તાત્કાલિક થઇ જશે.આ સોગંદનામા પછી લોકાયુક્ત માટેની સંપૂર્ણ પ્રક્રિયા પૂરી થયેલ હોવા છતાં શા માટે બિન અધિકૃત રીતે આપશ્રી લોકાયુક્તની નિમણૂંકને રોકી રહ્યાં છો ?.

સત્યમેવ જયતે

વિરોધ પક્ષના નેતા,
ગુજરાત વિધાનસભા, ગાંધીનગર, ગુજરાત રાજ્ય, ભારત.

**શક્તિસિંહ ગોહિલ**

ફોન : ૦૭૯-૨૩૨ ૨૦૯૯૫, ૨૩૨ ૫૩૦૬૯/૭૦, ફેક્સ : ૨૩૨ ૨૨૫૮૨

તારીખ : - -૨૦૦

આપની સરકારના પ્રવક્તાશ્રીઓ તદ્દન વાહીયાત વાત એવી કરે છે કે, લોકાયુક્તની નિમણૂંક વિરોધપક્ષના નેતાના કારણે થઇ શકી નથી. આવી વાહીયાત વાતનો અર્થ શું? લોકાયુક્તની નિમણુંક તાત્કાલિક થાય તે માટે હું સતત લડતો રહ્યો છું. કાયદાની કલમ-૩ મુજબ લોકાયુક્તની નિમણૂંક માટેની સંપૂર્ણ કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ થઇ છે અને જસ્ટીસશ્રી આર.એ.મહેતાનું નામ લોકાયુક્ત તરીકે નિયુક્ત થયાનું સરકાર જાહેરનામુ રોકીને બેઠી છે. તે કેટલા અંશે વ્યાજબી ગણાય ? આમ છતાં જયાં કયાંય અને જયારે કયાંય મારી આવશ્યકતા હોય ત્યાં હું ઉપસ્થિત થવા તૈયાર છું.

ગુજરાતમાં ભ્રષ્ટાચારને રોકવા માટે લોકાયુક્તનો કાયદો હોવા છતાં આપ છેલ્લાં સાડાસાત વર્ષથી લોકાયુકત નહીં મૂકવા દઇને ભ્રષ્ટાચારને જ પ્રોત્સાહિત કરી રહ્યાં છો તે અત્યંત ખેદજનક છે.

ઉપરોકત સમગ્ર બાબત અંગે એક મંચ પર જાહેર ચર્ચા આપશ્રી કરવા માંગતા હો તો તેના માટે પણ મારી તૈયારી છે, પરંતુ ગુજરાતમાં ચાલતાં ભ્રષ્ટાચારને નાથવા માન.ચીફ જસ્ટીસશ્રી, ગુજરાત હાઇકોર્ટે સૂચવેલાં નામની કાયદા મુજબ લોકાયુક્ત તરીકે નિમણૂંક કરવામાં આવે તેવી આ પત્રથી વિનંતી કરુ છું.

કુશળ હશો,

આભાર સહ.

આપનો સ્નેહાધીન,

(શક્તિસિંહ ગોહિલ)